ભારત બાલાકોટ એરસ્ટ્રાઈક જેવા હુમલા ન કરે તો અમે એરસ્પેસ ખોલવા તૈયાર : પાકિસ્તાન

ભારતીય વિમાનો માટે રસ્તો ખોલશે નહીં : પાકિસ્તાને હજુ પણ બાલાકોટ જેવા હુમલા થવાનો ભય

ઈસ્લામાબાદ,તા. ૨૨

ફેબ્રુઆરી મહિનામાં ભારત દ્વારા પાકિસ્તાનમાં કરવામાં આવેલા હવાઈ હુમલાથી પાકિસ્તાન હજુ પણ દહેશતમાં છે અને તેને આ પ્રકારના હવાઈ હુમલાનો ખતરો દેખાઈ રહ્યો છે. આજ કારણસર પાકિસ્તાન હજુ ભારતીય વિમાનો માટે હવાઈ ક્ષેત્રને ખોલવા માટે ઈચ્છુક નથી. જોકે, એમ માનવામાં આવે છે કે પાકિસ્તાનની શરતોને ભારત સરકાર ક્યારે પણ માનશે નહીં. પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારે સાફ શબ્દોમાં કહ્યુ છે કે તે હાલમાં પોતાના પૂર્વીય હવાઈ ક્ષેત્રને ખોલવા માટે તૈયાર નથી. ભારત દ્વારા ફેબ્રુઆરી મહિનાના અંતમાં પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી અડ્ડાઓ પર ભીષણ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. આ હુમલા બાદ પાકિસ્તાન હજુ ફફડી રહ્યુ છે. પાકિસ્તાને તેની પૂર્વીય હવાઈ સીમાને ન ખોલતા ભારતમાંથી જતા અને આવતા વિમાનો પાકિસ્તાનના હવાઈ ક્ષેત્રમાંથી આવી રહ્યા નથી. જેના લીધે વિમાનોને લાંબા રૂટ પરથી જવાની ફરજ પડી રહી છે. હવે પાકિસ્તાને તેના હવાઈ ક્ષેત્રને ખોલવા માટે નવી શરત મુકી દીધી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે જો ભારત બાલાકોટ જેવા હવાઈ હુમલા ફરી કરવામાં આવશે નહીં તેવી ખાતરી આપે તો તે તેના હવાઈ ક્ષેત્રને ખોલશે. જો કે ભારત આવી કોઈ શરત માને તેવી શક્યતા ઓછી છે. પાકિસ્તાને આ પ્રતિબંધ ૨૮મી જુન સુધી વધારી દીધો છે. માનવામાં આવે છે કે પાકિસ્તાન હવે એ સમય સુધી તેના હવાઈ ક્ષત્રેને ખોલશે નહીં જ્યાં સુધી ભારત તરફથી કોઈ ખાતરી મળશે નહીં. તમામ લોકો સારી રીતે જાણે છે કે પાકિસ્તાને ૨૬મી ફેબ્રુઆરીના દિવસે તેના હવાઈ ક્ષેત્રને બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. એ વખતે ભારત બાલાકોટમાં ઘુસીને જેશના ત્રાસવાદી અડ્ડા પર ભીષણ હુમલા કરી દીધા હતા. સાથે સાથે પુલવામા હુમલાનો બદલો લેવામાં આવ્યો હતો. હવાઈ હુમલાના ૧૨ દિવસ પહેલા જ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે જમ્મુ કાશ્મીરમાં પુલવામા ખાતે આત્મઘાતી હુમલો સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ બનાવીને કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ જવાન શહીદ થયા હતા. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે હુમલા બાદ ૨૭મીએ પાકિસ્તાની સેનાએ કાશ્મીરમાં ઘુસણખોરી કરીને ભારતીય સેન્ય સ્થળોને ટાર્ગેટ બનાવવાના પ્રયાસ કર્યા હતા.

પાકિસ્તાન મહત્વપૂર્ણ એવિએશન કોરિડોરમાં આવે છે. જેના લીધે દરરોજ સેંકડો યાત્રી અને માલવાહક વિમાનોની સેવા ઉપર અસર થાય છે. આને કારણે એરલાઈન્સને વધારે પ્રમાણમાં ઈંધણનો ઉપયોગ કરવાની ફરજ પડે છે. યાત્રીઓને પણ તેમના નિર્ધારિત સ્થળ પર પહોંચવામાં વધારે સમય લાગે છે. આજ કારણસર ભારતને પણ આને લઈને તકલીફ પડે છે.

ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા માટે પાક.ને છેલ્લી તક

ઓક્ટોબર સુધી પાકિસ્તાનને મહેતલ અપાઇ : ટેરર ફંડિંગ તેમજ મની લોન્ડરિંગને રોકવા માટે પોતાના એક્શન પ્લાનને પૂર્ણ કરવા પાકિસ્તાનને છેલ્લી તક મળી

વોશિંગ્ટન,તા. ૨૨

ટેરર ફંડિંગ અને મની લોન્ડરિંગને રોકવા માટે એક્શન પ્લાનને પૂર્ણ કરવા માટે પાકિસ્તાનને હવે છેલ્લી મહેતલ આપી દેવામાં આવી છે. પાકિસ્તાન જો હવે તેને આપવામાં આવેલી ઓક્ટોબર સુધીની મહેતલ સુધી કાર્યવાહી નહી કરે તો તેની સામે વધારે કઠોર પગલા લેવામાં આવશે. જો પાકિસ્તાન તેમા સફળ રહેશે નહીં તો આંતરરાષ્ટ્રીય ત્રાસવાદ પર નજર રાખનાર સંસ્થા ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ તેને ડાઉનગ્રેડ કરીને બ્લેકલિસ્ટમાં મુકી દેશે. અત્રે નોંધનીય છે કે શુક્રવારના દિવસે એફએટીએફની બેઠક યોજાઈ હતી. ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ હતી. જેમાં તમામ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સંસ્થાએ સાફ શબ્દોમાં કહ્યુ છે કે જો પાકિસ્તાન ટેરર ફંડિંગ પર પોતાના એક્શન પ્લાનને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહે છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવનાર છે. ફ્લોરિડાના ઓરલેન્ડોમાં આયોજિત કરવામાં આવેલી બેઠકમાં પાકિસ્તાનના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. પાકિસ્તાન છેલ્લા એક વર્ષથી એફએટીફની ગ્રે લિસ્ટમાં છે. હાલમાં અમેરિકાએ પણ તેના પર દબાણ વધારી દીધુ છે. ભારતની કાર્યવાહીથી પણ તે પરેશાન છે. એક્શન પ્લાનમાં જુદા જુદા આતંકવાદી સંગઠનોના નાણાંના પ્રવાહને રોકવા માટે પગલા લેવા માટે પાકિસ્તાનને કહેવામાં આવ્યું છે કે જો પાકિસ્તાન સમયસર કાર્યવાહી નહીં કરે તો પાકિસ્તાનને હવે વધુ તક આપવામાં આવશે નહીં અને તેને બ્લેક લિસ્ટમાં મુકી દેવામાં આવશે.

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદી માહોલ

સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં પણ વરસાદ પડ્યો : અમરેલી, રાજકોટ, પંચમહાલ, સાબરકાંઠા, ઈડર સહિત કેટલાક વિસ્તારોમાં વરસાદી માહોલ : હવામાનમાં પલટો

અમદાવાદ, તા. ૨૨

રાજ્યના મોટા ભાગોના વિસ્તારોમાં ગરમીનુ પ્રમાણ ફરી એકવાર વધ્યુ છે. ખાસ કરીને અમદાવાદમાં બપોરના ગાળામાં ફરી ગરમીથી લોકો પરેશાન દેખાયા છે. બીજી બાજુ હવામાનમાં પલટા વચ્ચે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થયો છે. મધ્યમથી ભારે વરસાદ નોધાયો છે. સૌરાષ્ટ્રના અમરેલી વરસાદ થયો છે. પંચમહાલ, ખેડા, અમરેલી, સાબરકાંઠા, ઈડરમાં પણ વરસાદ થયો છે. વરસાદી માહોલના કારણે આ તમામ જગ્યાઓએ લઘુત્તમ તાપમાનમાં અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ જોવા મળી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં હળવો વરસાદ જારી રહ્યો છે. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી આગાહી કરવામાં આવી છે કે, સુરત, નવસારી, દાહોદ, દમણ, દાદરાનગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડી શકે છે. બીજી બાજુ ભાવનગર, અમરેલીમાં પણ વરસાદી માહોલ રહી શકે છે. આગામી પાંચ દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા જારી રહી શકે છે. બીજી બાજુ અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે, આવતીકાલે આંશિક વાદળસાહુ વાતાવરણ રહેશે. મહત્તમ તાપમાન અમદાવાદમાં ૩૭ ડિગ્રીની આસપાસ રહી શકે છે. અમદાવાદ સહિત ગુજરાતમાં મોનસુનની રાહ જોવામાં આવી રહી છે ત્યારે અપેક્ષા મુજબનો વરસાદ હજુ પણ નોંધાયો નથી. હાલમાં વાયુ વાવાઝોડાની અસર હેઠળ સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થયો હતો પરંતુ મોનસુનની સ્થિતિ નબળી બનેલી છે. અમદાવાદમાં પણ આવી સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૮ ડિગ્રી રહ્યુ હતુ. જ્યારે ગાંધીનગરમાં ૩૯.૮ સુધી પારો રહ્યો હતો. રાજ્યમાં સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૦.૮ રહ્યુ હતું. વડોદરામાં ૩૯.૧ તાપમાન રહ્યુ હતું. જે જગ્યાએ વરસાદ થયો છે તે અમરેલીમાં ૩૭.૬ ડિગ્રી તાપમાન રહ્યુ હતું. સુરેન્દ્રનગરમાં પારો સૌથી ઉંચો રહેતા ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ મોનસુનની એન્ટ્રી હવે થવા જઈ રહી છે.

ફિલ્મી ઢબે કારનો પીછો કરી મેઘરજ પોલીસે કારચાલક બુટલેગરને દબોચ્યો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં દારૂની હેરાફેરી કરવા માટે બુટલેગરો અવનવા પેંતરા અપનાવી રહ્યા છે. જો કે જિલ્લા પોલિસ તંત્ર તમામ પેંતરાઓ બુટલેગરોના મનસૂબાઓ પર પાણી ફેરવતી હોય

તેવું લાગી રહ્યું છે. મેઘરજ પોલિસે ફિલ્મી ઢબે બુટલેગરને ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે.

મેઘરજ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.ડી. બ્રહ્મભટ્ટ સહિત તેમની ટીમ ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ કરતા હતા તે સમય દરમિયાન સફેદ સ્વીફ્ટ કાર ચાલકે કાર ઉભી ન રાખતા પોલીસની ટીમ દ્વારા કારનો પીછો કરવામાં આવ્યો હતો. પીછો કરતા રાજસ્થાન પાર્સિંગની કાર આરજે.૦૯.સીએ.૩૯૧૫ મુકી ડ્રાઈવર તુંબલિયા નજીક કાર મુકીને ફરાર થઈ ગયો હતો. ફરાર થયેલા બુટલેગર કાર ચાલકને ઝડપી પાડવા પોલીસનો સ્ટાફ પણ બુટલેગરને પકડવા માટે ફિલ્મી ઢબે પીછો કરી કાર ચાલક અશોક જીવરામ જાખડને દબોચી લીધો હતો. પોલીસે કારમાંથી રૂપિયા ૭૩,૨૦૦ની કુલ ૨૨૦ બોટલ, મોબાઈલ સ્વીફ્ટ કાર કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦ સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને દારૂ ભરી આપનાર શખ્સ વિરૂદ્ધ કાર્યવાહી કરી તપાસ હાથ ધરી છે.

મોડાસાના માઝુમ ડેમમાં ડિટોનેટર બ્લાસ્ટ કરી માછીમારી કરવાના કૌભાંડનો પર્દાફાશ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના જળાશયોમાં ડિટોનેટર બ્લાસ્ટ કરી માછીમારી કરવાનો કાળો કારોબાર અધિકારીઓના છુપા આશીર્વાદથી

ચાલી રહ્યો છે. મોડાસાના માઝુમ ડેમમાં સ્થાનિક લોકોની સતર્કતાથી માઝૂમ ડેમમાં ડિટોનેટર બ્લાસ્ટ કરી માછીમારી કરી રહેલ ગેંગનો પર્દાફાશ થયો હતો. સ્થાનિક લોકોએ એક વ્યક્તિને પકડી લીધો હતો ૩ શખ્સો નાસી છૂટતા સ્થાનિકોએ ઝડપાયેલ શખ્સને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને સોંપતા મોડાસા રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા શહેરને પીવાના પાણીનો જથ્થો પૂરો પાડતા માઝુમ જળાશયમાં છેલ્લા કેટલાક સમયથી ડિટોનેટરથી બ્લાસ્ટ કરી માછીમારી કરતા જળાશયમાં પાણી દુષિત બનાવની સાથે સતત બ્લાસ્ટ થતા ડેમની આજુબાજુમાં રહેતા સ્થાનિકો ધડાકાઓના અવાજના પગલે માઝુમ ડેમમાં પહોંચી એક શખ્સને ડિટોનેટરના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. ડિટોનેટરથી બ્લાસ્ટ કરનાર ગેંગના અન્ય ત્રણ શખ્સો સ્થાનિકોને ચકમો આપી નાસી છૂટ્યા હતા.

મોડાસા રૂરલ પોલીસે લાલાભાઈ કોહ્યાભાઈ ડામોરને ઝડપી પાડી જીલેટીન ટોટા નંગ-સહીત ૪૦ રૂપિયાનો જથ્થો જપ્ત કરી ડિટોનેટર બ્લાસ્ટથી માછીમારી કરવામાં સંડોવાયેલા મોહન રમતું પગી, હસમુખ વાઘભાઈ ડામોર, દિનેશ વાલાભાઈ ડામોર (તમામ રહે, ડેરા ડુંગરી, મુલોજ) વિરુદ્ધ મોડાસા રૂરલ પોલીસે એક્સ્પ્લોઝીવ એક્ટ ૧૮૮૪ની કલમ-૯બી (૧) બી મુજબ ગુન્હો નોંધી ફરાર ત્રણે શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

ખેડબ્રહ્મા કોલેજ ખાતે યોગ દિવસ ઉજવાયો

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોર્મસ કોલેજ ખેડબ્રહ્મા દ્વારા ક્ષીરજાંબા માતાના મંદિર પરિસરમાં ૨૧ જૂન ૨૦૧૯ને શુક્રવારના રોજ ૫ માં ''વિશ્વ યોગ દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય એન.ડી. પટેલ, એન.એસ.એસ.વિભાગનના પોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.કે.ડી. પટેલ તથા એન.સી.સી. વિભાગના પ્રા.ડી.બી. સોંદરવાએ દીપ પ્રાગટ્ય કરી યોગની શરુઆત કરાવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય એન.ડી. પટેલે યોગના મહત્વ વિશે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો, નોનટીચિગ સ્ટાફ તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સ્ટેટ લેવલની મહિલા ઈન્ટર ડિસ્ટ્રીક ગર્લ્સ ફૂટબોલ ટૂર્નામેન્ટ પાલનપુરમાં યોજાશે

પાલનપુર, તા. ૨૨

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એશોસિએશનના સહયોગથી બનાસકાંઠા જીલ્લા ફૂટબોલ એસોસિએશન દ્વારા ગુજરાતની ફૂટબોલની ઓફિસિયલ નંબર-૧ ટૂર્નામેન્ટ મહિલા ઈન્ટર ડીસ્ટ્રીકટ ફૂટબોલ ટૂર્નામેન્ટ તા ૨૨-૬ થી ૨૫-૬ સુધી બનાસકાંઠા પાલનપુરના હેડક્વાર્ટર પોલીસ પરેડ ગ્રાઉન્ડ મુકામે યોજાશે. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની બેસ્ટ ૧૨ જિલ્લાની ટીમો જે જિલ્લા ફૂટબોલ એશોસિએશનના સિલેક્શન બાદ બનાસકાંઠામાં રમવા આવશે.

જેમાં પાટણ, સુરત, ગાંધીનગર, કછ, ભાવનગર, અમદાવાદ, બનાસકાંઠા, રાજકોટ, બોટાદ, છોટાઉદેપુર, મહેસાણા અને બરોડા જિલ્લાની ટીમો ભાગ લેશે. આ ટૂર્નામેન્ટમાં સ્ટેટ અને નેશનલકક્ષાના સિલેકટર્સ આવશે અને જે ગુજરાતની ટીમ સિલેક્શન કરશે.

આ ટૂર્નામેન્ટ આંતરાષ્ટ્રીય ફૂટબોલ એસોસિએશન ફિફાને આધીન હોય છે જે સંપૂર્ણ નિયોને આધીન રમવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લા ફૂટબોલ એશોસિએશનના પ્રમુખ હરેશ ચૌધરી અને જનરલ સેક્રેટરી અહેમદ શેખ તેમજ ફૂટબોલ એશોસિએશનની જિલ્લાની પુરી ટીમે ભારે જહેમત ઉઠાવીને ટૂર્નામેન્ટ સફળ રીતે યોજાય એ માટે પ્રયત્નશીલ છે.

પ્રાંતિજ ખાતે સિનિયર સિટીઝન મંડળ દ્વારા યોગ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સિનિયર સિટીઝન મંડળ દ્વારા વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પતંજલિના સાબરકાંઠા જિલ્લા

પ્રભારી યોગગુરૂ પ્રતિકભાઈ સોમાણીએ યોગ અને વિવિધ આસનો વિશે વિસ્તૃત પ્રેક્ટીકલી માહિતી આપી હતી.

પ્રાંતિજ ખાતે સીનીયર સીટીઝન મંડળ દ્વારા યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી મહાકાલી માતાના મંદિરની વાડી ખાતે ૨૧ જૂન વિશ્વ દિન યોગ દિને સમગ્ર માનવમાત્રને જીવનમાં યોગને મહત્વ આપવાની યાદ તાજી કરવા માટેનો ઉત્તમ ઉત્સવ તરીકે મહત્વતા વધતી જાય છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ સિનિયર સિટીઝન મંડળ દ્વારા એકવીસમી જૂનના દિવસે ૫ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત અરવિંદભાઈ મોદી દ્વારા પ્રભુ પ્રાર્થના સાથે કરવામાં આવી હતી ત્યારબાદ ઉપસ્થિત યોગ ગુરુ પ્રતિકભાઈ સોમાણીનું સ્વાગત મંડળના પ્રમુખ સી.કે. પટેલ તથા ટ્રસ્ટી શરદભાઈ ફરી દ્વારા કરવામાં આવ્યું હતું. પતંજલિ સ્ટોરના માલિક નવીનભાઈ તથા નગરપાલિકાના કોરપોરેટ દિવાબત્તી ચેરમેન ગોવિંદસિંહનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું. પતંજલિ યોગગુરૂ અને જીલ્લા પ્રભારી દ્વારા વિવિધ યોગ આસનો વિષે પ્રેકટીકલ સાથે માહિતી આપી હતી. પ્રસંગે સિનિયર સિટીઝન મંડળના સભ્ય અને ડૉ.એન.કે. ડેરિયા દ્વારા ચક્ષુદાન તથા દેહદાન વિષે વિસ્તૃત માહિતી આપી હતી. સિનિયર સિટીઝન મંઠળના સભ્યો માટે વિમા યોજનાની પણ યોજના વિષે વિસ્તૃત ચર્ચાઓ અને ફોર્મ વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સિનિયર સિટીઝન મંડળના પ્રમુખ સી.કે. પટેલ, ઉપપ્રમુખ મનુભાઈ પટેલ, સ્ટ્રીટ શરદભાઈ પરીખ, મંત્રી સમિષ્ઠાબેન ખમાર, મંત્રી ધનજીભાઈ પટેલ મંડળના કારોબારી સભ્યો, મંડળના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા અને યોગદિનની ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સમિષ્ઠાબેન ખમાર, ધનજીભાઈ પટેલ, મણીભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પાલનપુરમાં ચોરીના બાઈક સાથે શખ્સ ઝડપાયો

પાલનપુર પશ્ચિમ પોલીસ મથકની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન બાઈક નં. જીજે. ૦૮. એન. ૨૮૧૬ લઈને પસાર થતાં વડોદરાના ત્રિલોકસિંગ ઉર્ફે ચિન્ગુસિંગ તુફાનસિંગ સિંગલીકરને ઉભો રાખી તપાસ કરતાં આ બાઈક પાલનપુરમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મોડાસામાં પોલીસતંત્રની ટ્રાફિક નિયમન માટે શખ્ત કાર્યવાહી

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે કાબુ બહાર થતા પોલીસતંત્ર દ્વારા ટ્રાફિક સમસ્યા પેદા કરનાર હાથલારીવાળા ફેરિયાઓ, પથારાવાળા સામે કાયદાકીય કાર્યવાહી કર્યા પછી શહેરના માર્ગો પર આડેધડ મનફાવે તેમ રોડ પર જ વાહનો પાર્ક કરી કામકાજ અર્થે જતા રહેતા મોડાસા ટાઉન પોલીસે રોડ પર પાર્કિંગ કરેલા વાહનોને લોક મારી દંડાત્મક કાર્યવાહી કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

ડી.વાય.એસ.પી. ઈશ્વર પરમાર (પ્રોબે)ના માર્ગદર્શન હેઠળ મોડાસા ટાઉન પોલીસ અને ટ્રાફિકબ્રિગેડે મોડાસા નગરના મુખ્યમાર્ગો પર ઈચ્છા પ્રમાણે પાર્કિંગ કરતા ફોર વ્હીલર અને ટૂ વ્હીલર સામે લાલ આંખ કરી લોક કરી દંડ ફટકારતા શહેરના માર્ગો પર આડેધડ પાર્કિંગ કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

શહેરમાં પોલીસતંત્રની શખ્ત કાર્યવાહીથી છેલ્લા એક સપ્તાહથી રાજમાર્ગોનું અસ્તિત્વ દેખાતા અને ફૂટપાથ ખુલ્લા થતા રોડ પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો છે. મોડાસાનગર માટે વર્ષો જૂની ટ્રાફિક સમસ્યા દૂર કરવામાં પોલીસતંત્ર હાલ પૂરતું સફળ રહેતા નગરજનોએ સરાહના કરી હતી.

ગ્રામસભાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ગ્રામસભા અભિયાન હમણાં જ સંપન્ન થયુ છે પરંતુ ભારત સરકારની વિશેષ સૂચનાને પગલે આ ખાસ ગ્રામસભાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ગ્રામસભા માટે અધિકારીઓની નિયુક્તિ કરતા હુકમો પણ કરી દેવામાં આવ્યા છે. અભિયાનના અંતે ગ્રામસભા તેમજ હાથ ધરેલ કામના ફોટોગ્રાફ્સ લઈ તે અપલોડ અધિકારીએ કરવાના રહેશે એટલુ જ નહિ ગ્રામસભામાં થયેલ સારાંશ પણ લખવાનો રહેશે.

રાજ્યમાં જળસંચય માટે હાથ ધરાયેલ સુજલામ સુફલામના કામો પણ હાલ તેના અંતિમ તબક્કામાં છે. જોકે ૧૫મી સુધીમાં આ કામો પૂર્ણ કરવાની તાકીદ કરાઈ હતી પરંતુ વાયુ વાવાઝઓડાના પગલે થયેલ વરસાદને કારણે તેમાં રૂકાવટ આવી હતી. હવે રાજ્યમાં વિધિવત્ ચોમાસુ આગામી સપ્તાહમાં કાર્યરત થશે તેવી આશાઓ સાથે હાલ જળસંચયના કામોને ટોચ અગ્રતા આપી આ ગ્રામસભાઓ યોજવામાં આવી રહી હોવાનું પણ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેવલ છે.

તંત્રને તાકીદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરેક જિલ્લાને ફાળવી દેવામાં આવ્યા છે. આ માટેની કામગીરી અંગે રોડમેપ તૈયાર કરવાનો આગ્રહ કરી તેમણે કહ્યુ હતુ કે સમય મર્યાદામાં કામ પૂર્ણ થાય એટલુ જ નહિ પણ આ માટે અસરકારક મોનીટરીંગ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે જરૂરી છે.

મુખ્ય સચિવશ્રીએ સ્વચ્છતા મિશન અંતર્ગત જે ગામોમાં સેગ્રીગેશન શેડ બની ગયા હોય ત્યાં કચરાના નિકાલ માટેની વૈજ્ઞાનિક ઢબે કામગીરી થાય એટલુ જ નહિ પ્રવાહી કચરાના નિકાલ માટેની પણ ઝડપથી વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેના પર ભાર મુક્યો હતો.

તેમણે સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત જિલ્લામાં સફાઈવેરાની વસુલાત પણ વધુ થાય એટલુ જ નહિ સ્વચ્છતા લોકોની સુટેવ બને તે દિશામાં અસરકારક કામગીરી કરવામાં આવે તેમ પણ સૂચવ્યુ હતુ.

આ વિડીયો કોન્ફરન્સમાં વિકાસ કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સ્વચ્છતા તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના અને અન્ય ગ્રામ વિકાસના કામોને વેગ મળે તેના પર ભાર મુક્યો હતો.

મુલાકાત લો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠકમાં વિવિધ કચેરીઓમાં તુમારોના નિકાલ પણ સમયબદ્ધ આયોજન કરી કરવામાં આવે તેમજ તપાસના કેસો જે પડતર છે તેનો પણ સમય મર્યાદામાં નિકાલ થાય તે જોવા કહ્યુ હતુ. મહેસુલી વસુલાતના કેસોને પણ અગ્રતા ધોરણે નિકાલ કરવામાં આવે તેમ જણાવી તેમણે તંત્ર વધુ પ્રજાભિમુખ બને તે માટે કેટલાક સૂચનો પણ કર્યા હતા. આગામી દિવસોમાં આવી રહેલ વન મહોત્સવ સહિતના કાર્યક્રમોના લક્ષ્યાંકો સિદ્ધ થાય તે જોવા પણ કહ્યુ હતુ.